## Media Coverage of City level workshop in Gujarat in Morbi , Rajkot and Jamnagar

**Akila Daily**

### 'તમાકુ મુકત ભારત' ઝુંબેશઃ મોરબી, જામનગર અને રાજકોટમાં સેમીનારો

રાજકોટ, તા. ૮ઃ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, ન્યુ દિલ્હી, વોલેન્ટરી કન્ઝયુમર ઓર્ગેનાઈઝેશન ઈન ધ ઈન્ટરેસ્ટ ઓફ કન્ઝયુમર એજયુકેશન, ન્યુ દિલ્હી તથા અમારી સંસ્થા દ્વારા ટોબેકો ઉત્પાદનનો વપરાશ ઘટાડવા કાલે બુધવારે સવારના ૧૦ કલાકે હોટલ મહેશ મોરબી તા.૧૦ના ગુરૂવારે સવારના ૧૦ કલાકે હોટલ સેલીબ્રેશન જામનગર તા.૧૧ ના શુક્રવારે સવારના ૧૦ કલાકે સર્કિટ હાઉસ સભાખંડ (એસી) રાજકોટ મુકામે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમીનારૂમાં વોલેન્ટરી કન્ઝયુમર ઓર્ગેનાઈઝેશન ઈન ધ ઈન્ટરેસ્ટ ઓફ કન્ઝયુમર એજયુકેશન ન્યુ દિલ્હીના હેમંતભાઈ ઉપાધ્યાય તથા અમરજીતસિંહ પોઘલ ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે. આ સેમીનારમાં આમ જનતાને પ્રવેશ વિના મુલ્યે રસ ધરાવતા સર્વેએ ઉપસ્થિત રહેવા ગ્રાહક સુરક્ષા મંડળના રમાબેન માવાણી (મો.૯૪૨૬૨૦૧૬૧૧) એ અનુરોધ કરેલ છે. (૪.૧૧)

### 'તમાકુ મુકત દેશ' ઝૂંબેશ અંતર્ગત કાલે ગ્રાહક સુરક્ષા મંડળનો સેમીનાર

રાજકોટ તા.૧૦ : શહેર ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા લોકોની જાગૃત કરી દેશભરને તમાકુ મુકત કરવાની ઝૂંબેશ શરૂ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે કાલે તા.૧૧ ના શુક્રવારે સવારના ૧૦ કલાકે સર્કિટ હાઉસ સભાખંડ (એ.સી.) ખાતે "ડાયમેન્સન વર્કશોપ ઓન ટોબેકો કંટ્રોલ" વિષયે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

મુખ્ય મહેમાનોમાં જયેશભાઈ રાદડીયા (મંત્રી ગ્રાહક સુરક્ષા વિભાગ, ગાંધીનગર), ડો.રાહુલ ગૂપ્તા (કલેકટરશ્રી) એમ.પી.શેઠ, (ન્યાયમૂર્તિ) એમ.વી.ગોહિલ (ન્યાયમૂર્તિ) એન.એમ.ધારણી (ન્યાયમૂર્તિ) બિનાબેન આચાર્ય (મેયર) બંછાનિધી પાની (મ્યુ.કમિશનર) મનોજકુમાર અગ્રવાલ (પોલીસ કમિશનર) બલરામ મીણા (એસ.પી. રૂરલ), પરિમલભાઈ પંડયા (જીલ્લા અધિક કલેકટર) અનિલભાઈ રાણાવસીયા (જીલ્લા વિકાસ અધિકારી) ડો. વલ્લભભાઈ કથીરીયા (માજી કેન્દ્રીયમંત્રી), પંકજભાઈ રાઠોડ (ચીફ હેલ્થ ઓફીસ) લલીતભાઈ ફળદુ (ડે.ડાયરેકટર ફુડ એન્ડ ડ્રગ્સ) દિનકરભાઈ રાવલ (ડે.ડાયરેકટર) હેલ્થ ડિપાર્ટમેન્ટ) કમલેશભાઈ મકવાણા (કાઉન્સીલર, ટોબેકો કન્ટ્રોલ સેલ) ઉપસ્થિત રહેશે. (૬.૨૨)

**Aaj-Kaal**

# તમાકું ઉત્પાદનોના વપરાશથી ૧૦૦ જાતના કેન્સરના દર્દ થાય છે

આજકાલ કાર્યાલય-રાજકોટ

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, ન્યુ દિલ્હી, વોલેન્ટરી કન્ઝયુમર ઓર્ગેનાઈઝેશન ઈન ધ ઈન્ટરેસ્ટ ઓફ કન્ઝયુમર એજ્યુકેશન, ન્યુ દિલ્હી તથા ગ્રાહક સુરક્ષા સંસ્થા દ્વારા ટોબેકો ઉત્પાદનનો વપરાશ ઘટાડવા અને ટોબેકો દ્વારા થતા રોગો સબંધે જનતાની જાગૃતિ માટે તા...

## તમાકું મુકત ભારત મિશન સફળ બનાવવા સેમિનાર

બુધવારના સવારના ૧૦ કલાકે હોટલ મહેશ, મોરબી, તા.૧૦ને ગુરૂવારના સવારના ૧૦ કલાકે હોટલ સેલીબ્રેશન, જામનગર, તા.૧૧ શુક્રવારના સવારના ૧૦ કલાકે સર્કિટ હાઉસ સભાખંડ (એ.સી.), રાજકોટ મુકામે DISSEMINATION WORKSHOP ON TOBACCO CONTROL વિષયે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમીનારમાં વોલેન્ટરી કન્ઝયુમર ઓર્ગેનાઈઝેશન ઈન ધ ઈન્ટરેસ્ટ ઓફ કન્ઝયુમર એજ્યુકેશન, ન્યુ દિલ્હીના ભ્રમતભાઈ ઉપાધ્યાય તથા અમરજીતસિંહ પોઘલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે. ત્રણે સેમીનારોમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના નિષ્ણાંત વકતાઓ ખાસ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપનાર છે. આ સેમીનારમાં આમ જનતાને પ્રવેશ વિનામુલ્યે છે જેથી આમ જનતાને સેમીનારમાં ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

**Divya Bhaskar**

### જિલ્લા કલેક્ટર કચેરીમાં આરોગ્ય વિષયક અનેક બેઠકો યોજાઇ

# શાળા પાસે ટોબેકો અને સિગારેટના વેચાણ અંગે ચેકિંગ કરવા આદેશ

## સરકારી કચેરી આસપાસ જાહેરમાં ધૂમ્રપાન કરતા શખ્સોને દંડ ફટકારવા કાર્યવાહી કરો, કલેક્ટરની સૂચના

એડમિનિસ્ટ્રેશન રિપોર્ટર | રાજકોટ

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શનિવારે હેલ્થને લગતી વિવિધ બેઠકો યોજાઇ હતી જેમાં શાળા-કોલેજો આસપાસ ટોબેકો, સિગારેટનું બેફામ થતું વેચાણ અટકાવવા જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લા પંચાયત, કોર્પોરેશન અને ડીઇઓ તંત્રના સ્ટાફને સંયુક્ત રીતે ચેકિંગ હાથ ધરવા આદેશ કરાયો હતો.

રાજકોટ જિલ્લા અધિક કલેક્ટર પરિમલ પંડ્યાએ જણાવ્યું હતું કે, ટોબેકો નિયંત્રણ માટેની ત્રિ-માસિક બેઠક શનિવારે યોજાઇ હતી જેમાં શાળા-કોલેજો આસપાસના 100 મીટરની ત્રિજ્યામાં ગુટખા, સિગારેટ, તમાકુનું વેચાણ પ્રતિબંધિત હોવાં છતાં બેફામપણે ચાલતું હોવાની હકીકત ધ્યાનમાં આવતા જિલ્લા આરોગ્ય અધિકારીઓ, કોર્પોરેશનના અધિકારીઓ અને ડીઇઓ તંત્રના સ્ટાફને સંયુક્ત રીતે સઘન ચેકિંગ કરી બાળકોને બૂરી લતથી બચાવવા ઝુંબેશ ચલાવવા આદેશ કર્યો હતો, તેમજ સરકારી કચેરીઓ આસપાસ, બસ સ્ટેશન, રેલવે સહિતના જાહેર સ્થળો પર સિગારેટ પીવી એટલે કે ધૂમ્રપાન પર પ્રતિબંધ છે છતાં મુલાકાતી અને સરકારી કર્મચારીઓ બેરોકટોક ધૂમ્રપાન કરતા હોય તેથી દરેક સરકારી કચેરીના વડાને દંડની સત્તા હોય તેમને પહોંચ બુક છપાવીને આપવાનો નિર્ણય કરાયો હતો.

### સોનોગ્રાફી મશીન ધરાવતી હોસ્પિટલોમાં ચેકિંગના આદેશ

ગેરકાયદે ગર્ભ પરીક્ષણની ઘટનાઓ અટકાવવા માટે સોનોગ્રાફી મશીનો ધરાવતી હોસ્પિટલોમાં દર 3 મહિને ચેકિંગ થઇ જવું જોઇએ તેવો આદેશ જિલ્લા કલેક્ટર ડો. રાહુલ ગુપ્તાએ કર્યો હતો.

**Sanjh Samachaar**






દિવ-આબુ સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપર જ નભે છે

# મોરબીમાં ટોબેકો કંટ્રોલ સોસાયટી અને ગ્રાહક સુરક્ષા મંડળના ઉપક્રમે તમાકુ નિષેધ અંગે સેમિનાર યોજાયો

## માવતરનું અનુકરણ બાળકો કરતા હોય પહેલા માવતર બંધ કરે અને તે કામ પણ બાળકો જ કરાવી શકે



**Pulchaab**

**Sandes news**

**Akila Daily**

# શાળા-કોલેજો આસપાસ વેચાતી ઈ-સિગારેટ સામે ચેકિંગની ધોંસ બોલાવાશે

## અધિક કલેકટર પરિમલ પંડયાનો આદેશઃ ત્રણ વિભાગની સંયુકત ટીમ બનાવાશે

**આજકાલ પ્રતિનિધિ-રાજકોટ**

તમાકુ અને તેમાંથી ઉત્પાદિત થતી ચીજવસ્તુઓનું વેચાણ શાળા-કોલેજોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજિયામાં થઈ શકતું નથી આમ છતાં અમુક શાળા-કોલેજ આસપાસ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોવાની ફરિયાદ ઉઠતાં આગામી ચારથી પાંચ દિવસમાં ટીમની રચના કરવા અને એક સમાહમાં જ ચેકિંગની કાર્યવાહી શરૂ કરી દેવા અધિક કલેકટર પરિમલ પંડયાએ આદેશ આપ્યો છે.

ટોબેકો નિયંત્રણ સમિતિની મળેલી બેઠકમાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અને શિક્ષણ વિભાગના સત્તાવાળાઓને અધિક કલેકટર પરિમલ પંડયાએ જણાવ્યું હતું કે, શાળા-કોલેજો આસપાસ પ્રતિબંધિત ઈ-સિગારેટોનું વેચાણ થતું હોવાની ગ્રાહક સુરક્ષા સમિતિની ફરિયાદ છે. આ બાબત પણ ખાસ ચેકિંગમાં આવરી લેવાની રહેશે. ઈ-સિગારેટ સમગ્ર રાજયમાં પ્રતિબંધિત છે તેવા કિસ્સામાં જો રાજકોટમાં આ પ્રકારની સિગારેટનું વેચાણ ચાલુ હોય તો તે ગંભીર ગુનાને પાત્ર બને છે.

જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ અને મહાનગરપાલિકા દ્વારા ચેકિંગ માટે ટીમ બનાવવામાં આવશે અને આગામી સમાહથી ચેકિંગનો સપાટો બોલાવવામાં આવશે.

**Pulchaab**

ફુલછાબ ૨૨-૧-૨૦૧૫ P-12

# શાળા-કોલેજો આસપાસ ગુટખા-તમાકુ અને ઈ-સિગારેટના વેચાણ સંદર્ભે તપાસના આદેશ

રાજકોટ, તા.૨૧: રાજકોટ શહેર તથા જિલ્લામાં શાળા-કોલેજોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રતિબંધિત તમાકુ, ગુટખા, ઈ-સિગારેટ તથા તમાકુમાંથી ઉત્પાદિત થતી ચીજવસ્તુઓનું વ્યાપક વેચાણ થતું હોવાની ગ્રાહક સુરક્ષા સમિતિ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. જે અનુસંધાને અધિક કલેક્ટરે સંબંધિત ખાતાઓને તપાસના આદેશ આપ્યા છે.

શાળા-કોલેજોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં થઈ શકતું નથી આમ છતાં અમુક શાળા-કોલેજ આસપાસ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોવાની ફરિયાદ ઉઠતાં જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ અને મહાનગરપાલિકાને આગામી ચારથી પાંચ દિવસમાં ટીમની રચના કરવા અને એક સપ્તાહમાં જ તપાસની કામગીરી શરૂ કરી દેવા અધિક કલેક્ટર પરિમલ પંડયાએ આદેશ આપ્યો છે.

ટોબેકો નિયંત્રણ સમિતિની મળેલી બેઠકમાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અને શિક્ષણ વિભાગના સત્તાવાળાઓને અધિક કલેક્ટર પરિમલ પંડયાએ જણાવ્યું હતું કે, શાળા-કોલેજો આસપાસ પ્રતિબંધિત ઈ-સિગારેટોનું વેચાણ થતું હોવાની ગ્રાહક સુરક્ષા સમિતિની ફરિયાદ છે. આ બાબત પણ ખાસ તપાસમાં આવરી લેવાની રહેશે. ઈ-સિગારેટ સમગ્ર રાજ્યમાં પ્રતિબંધિત છે તેવા કિસ્સામાં જો રાજકોટમાં આ પ્રકારની સિગારેટનું વેચાણ ચાલુ હોય તો તે ગંભીર ગુનાને પાત્ર બને છે.